લ્યો... ગરીબ કલ્યાણ મેળામાં મળેલો ચેક બકરી ખાઈ ગઈ !!!



ગાંધીનગર સમાચાર

# દહેગામ એસ.ટી. ડેપોમાં વોટર કૂલર શોભાના ગાંઠીયા સમાન

હરસોલી, તા. ૧૩

દહેગામ તાલુકાના મુખ્ય બસ મથકમાં સેવાભાવી સંસ્થા દ્વારા ભેટમાં



આપેલુ વોટરકૂલર ડેપો તંત્રની બેદરકારી અને આળશને લીધે શોભાના ગાંઠીયા સમાન બની ગયું છે. આથી દરરોજ હજારોની સંખ્યામાં આવતા-જતા મુસાફરો ઠંડા પાણી માટે નિશાશા નાંખી રહ્યા છે. તેમ છતાં આળસુ એસ.ટી. તંત્ર આ મુદ્દે ચૂપચાપ તમાશો જોઈ રહ્યા છે.

ગાંધીનગર નજીકના દહેગામ તાલુકામાં આવેલ બસ ડેપોમાં આસપાસના જિલ્લામાંથી દરરોજ મોટી સંખ્યામાં સરકારી એસ.ટી. તંત્રની બસો રૂટ મુજબ ડેપોમાં આસપાસના જિલ્લામાંથી દરરોજ મોટી સંખ્યામાં સરકારી એસ.ટી. તંત્રની બસો રૂટ મુજબ ડેપોમાં આવે છે. આ બસોમાં દરરોજ મોટી સંખ્યામાં મુસાફરો મુસાફરી કરે છે.

મુસાફરી દરમિયાન મુસાફરોની તરસ છીપાવવા દહેગામના સેવાભાવી સંસ્થાઓની મદદથી થોડા સમય અગાઉ વોટર કૂલર મુકવામાં આવ્યું હતું. જેની દેખરેખ અને સાળસંભાળની કામગીરી દહેગામ એસ.ટી. ડેપોને સોંપવામાં આવી હતી. પરંતુ એસ.ટી. તંત્રની બેદરકારીને લીધે હાલ આ વોટરકૂલર શોભાના ગાંઠીયા સમાન બની ગયું છે.

દરરોજ મુસાફરી કરતા અનેક પાણીથી તરસ્યા મુસાફરો પાણી પીવા વોટરકૂલર પાસે આવે છે પરંતુ બંધ વોટરકૂલર જોઈ પાણી માટે નિશાશા નાંખી રહ્યા છે. આ તમામ બાબતે દરરોજ ડેપોમાં કામ કરતા કર્મચારીઓ ચૂપચાપ તમાસો જોઈ રહ્યા છે. ત્યારે બંધ વોટર કૂલરને લઈ મુસાફરોમાં રોષ જોવા મળ્યો છે. અને તાત્કાલિક ધોરણે વોટર કૂલર તંત્ર દ્વારા રીપેર કરી શરૂ કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.



**ધરણાં :** જીવરાજ મહેતા ભવનના બ્લોક નં. ૪ સામે ભરતીમાં અન્યાયનો વિરોધ કરવા રોજગારવાંચ્છુ યુવકો દ્વારા ભારે સૂત્રોચ્ચાર અને ધરણાં યોજાયા હતા. (તસવીર : દિપક જાની)

# દલીત દીકરીનો પ્રધાનમંત્રીને લખેલ પત્ર પાયા વિહોણો હોવાનો પાટીદારોનો દાવો

ગાંધીનગર, તા. ૧૩

અનામતની જંગમાં પત્ર યુદ્ધ થઈ રહ્યું છે. સોશ્યલ મિડીયા પર દલીત દીકરીનો વડાપ્રધાન મોદીને લખેલ પત્ર વાયરલ થયો હતો તે પત્ર ખોટો અને પાયા વિહોણો છે તેવો દાવો પાટીદારોએ કર્યો છે.

રાજ્યભરમાં પાટીદારો અનામતને લઈ રેલી યોજી આવેદનપત્ર પાઠવી રહ્યા છે. થોડા દિવસ અગાઉ અનામતના સંદર્ભે ગાંધીનગરની પાટીદાર સમાજની દીકરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો હતો જે આખો પત્ર સોશ્યલ મિડીયા પર વાયરલ થયો હતો. ત્યારે બે દિવસ અગાઉ પંચમહાલની એક દલીત દીકરીએ આવો જ એડમીશનમાં અસ્પૃશ્યતાની બાબતેનો પત્ર લખ્યો હતો અને આ પત્ર હાલ સોશ્યલ મિડીયા પર વાયરલ થયો છે જે પત્ર તદ્દન ખોટો અને પાયા વિહોણો છે તેવો પ્રબળ દાવો ગાંધીનગર પાટીદાર સમાજે કર્યો છે.

# લ્યો... ગરીબ કલ્યાણ મેળામાં મળેલો ચેક બકરી ખાઈ ગઈ !!!

## પ્રાંતિજ ગરીબ કલ્યાણ મેળામાં આપેલો વિધવા મહિલાનો દસ હજારનો ચેક બકરી ખાઈ જતા નવો ચેક મેળવવા ૩ વરસથી ઓફિસોના ધરમધક્કા

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં એક ગરીબ વ્યક્તિનો રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાનો દસ હજારનો ગરીબ કલ્યાણ મેળામાં મળેલો ચેક બકરી ખાઈ જતા નવો ચેક મેળવવા કાકલુદીઓ ધરમધક્કા છતાં ત્રણ વરસથી આ રૂ. ૧૦ હજારની સહાયનો ચેક તંત્ર દ્વારા પણ ચેક નહી અપાતા ગરીબ મેળાના લાભાર્થીની હાંસી ઉડી રહી છે.

જાણવા મળ્યા પ્રમાણે પ્રાંતિજના ઈન્દીરાનગર ટીંબાવાસમાં રહેતા ૪૫ વર્ષના ક્રિશ્નાબા રેવાજી ઠાકોર વિધવા છે અને જેવોને સરકારની રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ સમાજ કલ્યાણ સમાજ સુરક્ષા દ્વારા રૂ. ૧૦ હજારની રકમનો ચેક ૧૭-૮-૨૦૧૨ના રોજ પ્રાંતિજમાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં મંત્રી અને આગેવાનોના હસ્તે અપાયો હતો. પરંતુ તે જ દિવસે ક્રિશ્નાબા ભાંખરીયા વિસ્તારમાં શાકભાજી ખરીદવા ગયેલા અને ચેક પણ પ્લાસ્ટિકની થેલીમાં મુકેલો હતો. જ્યારે અચાનક સફેદ બકરીએ એકદમ પાછળથી હૂમલો કરી શાકભાજીની થેલી સહિત ચેક પણ ચાવી ખાઈ પેટમાં ઉતારી દેતા વિધવાબેન હતપ્રત થઈ તાત્કાલિક આગેવાનોને મળી જિલ્લા-તાલુકાના અમલદારો, નેતાઓને રજુઆતો કરી છે અને છેલ્લા ૩ વરસથી એફિડેવીટ સાથેની તમામ કાર્યવાહી કરી ઓફીસોના પગથિયા ઘસવા છતાંય નવો ચેક આપવા તંત્ર મગનું નામ મરી પણ પાડતું નથી.

આ અંગે મામલતદાર કચેરીમાં અધિકારીનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે અમે તો આ ચેકને લઈને પ્રાંતિજ સ્ટેટ બેંકમાં બે થી ત્રણવાર રજુઆતો કરી છે પણ બેંકમાંથી આજદિન સુધી અમોને સ્ટેટમેન્ટ આપ્યું નથી જેથી અમારે નવો ચેક કે આગળની કાર્યવાહી કેવી રીતે કરવી.

પ્રાંતિજ ખાતે આવેલ સ્ટેટ બેંક મુખ્ય શાખાના મેનેજર નિશા કોહલીનો સંપર્ક કરતાં તેમણે મામલતદાર કચેરીમાંથી આવેલ ટપાલ તથા સ્ટેટમેન્ટ અંગેની વાત તો સ્વિકારી હતી પણ સ્ટાફ રજા ઉપર તથા બેંકમાં કામગીરી વધારે હોવાથી અમે સ્ટેટમેન્ટ આપી શક્યા નથી અને ૨૦૧૨નું સ્ટેટમેન્ટ જોયતું હોવાથી વાર તો લાગશે તેમ કહી તેમણે પણ મોં ફેરવી દીધું હતું.

હાલ તો બેંકની અને તંત્રના ગલ્લા તલ્લામાં આ વિધવા મહિલાને સરકાર તરફથી મળેલ સહાયનો ચેક માટે વલખાં મારવાનો વારો આવ્યો છે અને એ પછી કેટલાય ગરીબ કલ્યાણ મેળાઓ પણ યોજાયા પણ ૨૦૧૨માં ગરીબ કલ્યાણ મેળાની લાભાર્થી વિધવા મહિલાને ત્રણ વર્ષથી ભટકે છે છતાં હાલ તો તંત્ર એક બીજા ઉપર ઢોળે છે ને પુનઃ ચેક આપવામાં માટે તંત્ર થાગાથય્યા કરે છે.

# કેન્દ્રિય વન-પર્યાવરણ વિભાગના અન્યાયકારી વલણ સામે ઈંટ ઉત્પાદકો મેદાનમાં

ગુજરાત બ્રીક્સ મેન્યુફેક્ચરીંગ એસોસીએશને ઈંટ ઉદ્યોગને એન એ મેળવવા અંગેના રાહત ફોર્મની સ્વીકૃતિ ઉપરાંત કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ વિભાગમાંથી પર્યાવરણ ક્લીયરન્સ મેળવવામાંથી મુક્તિ તથા થર્મલ પાવર સ્ટેશનની ૫૦૦ કિમી.ની ત્રિજ્યામાં ફલાયએસની ઈંટો અથવા બ્લોક્સ વાપરવા અંગેનું નોટિફીકેશન પાછુ નહી ખેંચવામાં આવે તો ગુજરાતના નાના મોટા થઈને ૨૭૦૦૦ જેટલા ભઠ્ઠામાં ઈંટોનું ઉત્પાદન બંધ કરાશે જેને લઈને ૬.૫ લાખથી વધુ અર્ધશિક્ષિત મજૂરો બેરોજગાર બનશે. આ તમામની જવાબદારી કેન્દ્ર અને રાજ્ય સરકારની રહેશે તેમ ગુજરાત બ્રીક્સ મેન્યુ. ફેડરેશનના પ્રમુખ દેવેન્દ્રભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતુ.

ગુજરાત બ્રીક્સ મેન્યુ ફેડરેશનના મંત્રી મહેન્દ્રભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું કે રાજ્યમાં નાના મોટા થઈને ૨૭૦૦૦ જેટલા ઈંટોના ભઠ્ઠા આવેલા છે. જેમાંથી સરકારને કરોડો રૂપિયાની વેટ, મહેસુલી આવક અને રોયલ્ટી પ્રાપ્ત થાય છે. આ ઉદ્યોગમાં અંદાજે ૬.૫ લાખથી વધુ લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારી પ્રાપ્ત થાય છે. ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા પર્યાવરણ ક્લીયરના સર્ટિફીકેટ અને રાજ્ય સરકાર દ્વારા એનએ મેળવવા અંગેના સરળ ફોર્મની પ્રક્રિયા હાથ નહી ધરાય તો આવનારા સમયમાં ગુજરાતનો ઈંટ ઉદ્યોગ અચોક્કસ મુદત સુધી બંધ રાખશે અને જેને લઈને ૬.૫ લાખ કરતા વધુ મજૂરો બેકાર બનશે.

## ખાતેદારો વધ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે પ્રથમવાર ૨ હેક્ટરથી ૩.૯૯ હેક્ટર વિસ્તાર ધરાવતા ખેડૂતને સેમી મધ્યમ ખેડૂત તરીકે વ્યાખ્યિત કરવામાં આવ્યા છે. ૪ હેક્ટરથી ૯.૯૯ હેક્ટર ધરાવતા ખેડૂતને મધ્યમ ખેડૂત તરીકે ગણવામાં આવ્યા છે અને ૧૦ હેક્ટરથી વધુ વિસ્તાર ધરાવતા ખેડૂતને મોટા ખેડૂત તરીકે વ્યાખ્યિત કરવામાં આવ્યા છે.

રાજ્યના કૃષિ વિભાગ દ્વારા દર પાંચ વર્ષે આ એગ્રીકલ્ચર સેન્સસ્ હાથ ધરવામાં આવતું હોય છે. ૨૦૧૦-૧૧ની આ ગણતરીના આંકડા હમણાં જ જાહેર કરવામાં આવ્યા છે.

હવે આ પરિણામોને આધાર બનાવી જિલ્લાના કૃષિ વિકાસ માટેનો એક્શન પ્લાન તૈયાર કરવામાં આવશે તેમ કૃષિવિભાગના સૂત્રોએ જણાવ્યું છે.


**કામધેનુ યુનિવર્સિટી**

કર્મયોગી ભવન, બ્લોક-૧, વીંગ-બી, ૪થો માળ, સેક્ટર-૧૦એ, ગાંધીનગર - ૩૮૨૦૧૦. ફોન નં. (૦૭૯) ૬૫૭૨૬૬૬૮

**ટેન્ડર નોટીસ**

**કામધેનુ યુનિવર્સિટી નીચે મુજબના કામ માટે ટેન્ડર આવકારે છે.**

કામનું નામ : પ્રોવાઈડીંગ એન્ડ ફિક્સીંગ ઈ.આઈ.એન્ડ સ્વીચ ગીયર ફોર એ.સી. એટ 3rd ફલોર, બ્લોક-૧, વિંગ-બી, રૂમ નં. ૩૧૮ ટુ ૩૨૨ એટ કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર

| ક્રમ નં. | વિગત | |
|---|---|---|
| | | ૧. રકમ : રૂ. ૧૧૨૮૩૫.૨૫<br>૨. ઈ.એમ.ડી. : રૂ. ૧૨૦૦.૦૦<br>૩. ટેન્ડર ફી : રૂ. ૬૦૦.૦૦ |
| ૧. | ટેન્ડર ઈસ્યુ કરવા અને સબમિટ કરવા માટેની અગત્યની તારીખો | તા. ૧૪-૮-૨૦૧૫થી શરૂ કરી તા. ૨૫-૮-૨૦૧૫ના રોજ ૧૭.૦૦ કલાક સુધી |

ટેન્ડર અંગેની તમામ શરતો ટેન્ડર ફોર્મમાં દર્શાવવામાં આવેલ છે. આ જાહેરાત પ્રસિદ્ધ થયાથી તા. ૨૪-૮-૨૦૧૫ સુધીમાં કચેરી સમય દરમિયાન (જાહેર રજાના દિવસો સિવાય) ટેન્ડર ફી રૂ. ૬૦૦/- ડીમાન્ડ ડ્રાફ્ટ 'કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર'ના નામે રજૂ કરી ટેન્ડર ફોર્મ મેળવી શકાશે. ભરેલ ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં રજીસ્ટર પો.એ.ડી.થી. ઉપર દર્શાવેલ કચેરીના સરનામે તા. ૨૫-૮-૨૦૧૫ સુધીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે. ટેન્ડર તા. ૨૬-૮-૨૦૧૫ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે ઉપર દર્શાવેલ કચેરીએ ખોલવામાં આવશે. જેમાં સંબંધિત ઈજારદારશ્રીએ શક્ય હોય તો રૂબરૂ હાજર રહેવાનું રહેશે. ટેન્ડર મંજુર કરવાની કે નામંજુર કરવાની તમામ આખરી સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની અબાધિત રહેશે.

માહિતી/૧૧૬/૨૦૧૫-૧૬ રજિસ્ટ્રાર



વનબંધુ કલ્યાણ યોજના VANBANDHU KALYAN YOJANA

સત્યમેવ જયતે ગુજરાત સરકાર

**૬૯મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે**

**મહીસાગર જિલ્લા વનબંધુ સંમેલનને શુભેચ્છા**

**સ્થળ : સંતરામપુર તાઃ ૧૪/૮/૨૦૧૫ સમયઃ ૮.૦૦ કલાકે**

**વનબંધુ કલ્યાણ યોજના દ્વારા વિકાસનો નવો ઉજાસ..... આ છે ગતિશીલ ગુજરાત.....**

- આદિજાતિ વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ રૂા.૪૯,૩૦૦ કરોડની ફાળવણી
- વન અધિકાર અધિનિયમ - ૨૦૦૬ હેઠળ ૭૪,૫૬૯ આદિવાસીઓના જમીન પરના દાવાઓ માન્ય
- મેડીકલ અભ્યાસક્રમ માટે આદિજાતિના ૧,૮૬૯ વિદ્યાર્થીઓને વિશેષ તાલીમ અપાઈઃ ૫૫૮ વિદ્યાર્થીઓએ મેડીકલ પ્રવેશ માટે પાત્રતા હાંસલ કરી
- શિક્ષણ ક્ષેત્રે ટેલેન્ટ પુલ વાઉચર યોજના અંતર્ગત ૨૦૩૪ આદિજાતિ વિદ્યાર્થીઓને ખાનગી શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણ માટે સહાય
- સાત તાલુકાઓમાં વ્યાપ વધારી ૨૮ આદિવાસી તાલુકાઓમાં આઠ લાખ બાળકોને દૂધ સંજીવની યોજનાનો લાભ
- ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ વનબંધુ કલ્યાણ યોજના દરમ્યાન રૂા.૨,૮૫૦ કરોડની ફાળવણી
- આદિવાસી વિસ્તારમાં ૭.૫૮ લાખ હેકટર જમીનમાં સિંચાઈની સુવિધા અને ૧૬,૬૮૫ કિ.મી. પાકા રસ્તાઓ
- વીજ પુરવઠા માટે ૯૯ નવાં સબસ્ટેશનોની સ્થાપના
- ગુણવત્તાસભર શિક્ષણ માટે ૮૪ એકલવ્ય પેટર્ન શાળાઓની સ્થાપના
- આદિજાતિ વિસ્તારોમાં પરંપરાગત હાટ બજારના આધુનિકરણ માટે ૨૬ કરોડ રૂપિયાની જોગવાઈઃ ૧૬ નવા આદિવાસી હાટ બજાર
- આદિવાસી યુવાનોના ધનુર્વિદ્યા કૌશલ્યને સજ્જ કરવા છોટાઉદેપુર ખાતે રાષ્ટ્રિય સ્તરનું ધનુર્વિદ્યા પ્રશિક્ષણ કેન્દ્ર ઊભું કરવા રૂા.૫ કરોડની જોગવાઈ
- આદિજાતિ કુટુંબોને વધારાની આવક મેળવવા ૯૧,૦૦૦ દૂધાળાં પશુઓની સહાય












ગતિશીલ ગુજરાતના આપણા ગૌરવપૂર્ણ વનબંધુઓના સર્વસમાવેશક વિકાસ કાજે આવો, સંવેદનાસભર સહિયારો સંકલ્પ કરીએ.........

શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી,
ગુજરાત રાજ્ય

માહિતી ૨૦૧૫-૧૬ (૯૮)

Visit http://www.gujaratinformation.net
www.facebook.com/gujaratinformation.official
www.twitter.com/infogujarat